## મહિધરપુરા પોલીસ સ્ટેશનના મારામારીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી લીમ્બાયત પોલીસ, સુરત શહેર.

મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં-૮૩/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૨૪,૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ (૧) મુજબના કામના ફરીયાદીશ્રી વિજયભાઇ સુખદેવભાઇ પોથીકર ઉ.વ.૩૦ ધંધો.મજુરીકામ રહે.ઘર નંબર.૧૪૩, લાલદરવાજા પટેલવાડી નંબર.૦૩, સુરત નાઓને ગઈ તા.૨૭/૦૫/૨૦૧૮ ના રોજ લાલદરવાજા પટેલવાડી નંબર.૦૩, જાહેર રોડ પર આરોપીઓએ આ કામના ફરીયાદીને તલવાર વડે જમણા પગના ધુંટણ પાસે ઇજા કરી નાસી જતા જે સંબધે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ઉપરોકત નંબર અને કલમથી ગુનો નોધાયેલ.

નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ ખાસ ડ્રાઇવનું આયોજન નાયબ પોલીસ કમિશ્નરશ્રી આર.પી.બારોટ સાહેબ ઝોન-૦૧ નાઓ તરફથી રાખેલ હોય, જે ડ્રાઈવમાં અ.હેડ.કોન્સ. રમેશભાઇ ઉકાભાઇ તથા અ.પો.કોન્સ. અનિલભાઇ સેંધાભાઇ નાઓને મળેલ બાતમી આધારે સદર ગુનામાં સંડોવાયેલ આરોપી કરણ ઉર્ફે મજનુ ઉર્ફે પચ્ચીસ સંજયભાઇ શેટ્ટી ઉ.વ.૨૪ રહે.ઘર નંબર-૨૧૫, સીલીકોન રેસીડેન્સી સર્વોતમ હોટલની પાછળ, કડોદરા, જી.સુરત મૂળવતન ગામ-ગાગપુર થાના-કવિસુજનગર જી.ગંજામ (ઓરીસ્સા) નાઓને તા.૧૦/૦૬/૨૦૧૮ ના રોજ લીમ્બાયત, નીલકંઠ સોસાયટીના નાકા પાસેથી પકડી પાડતા મજકુરને તા.૧૦/૦૬/૨૦૧૮ ના કલાક ૧૫/૦૦ વાગ્યે સી.આર.પી.સી કલમ ૪૧(૧) આઇ મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

સદર હું કામગીરી પોલીસ ઇન્સ્પેકટર સી.આર જાદવ નાઓના ટેકનીકલ વર્ક આઉટ તથા માર્ગદર્શનથી એ.એસ.આઇ પ્રતાપભાઇ વામનરાવ બ.નં.૨૫૮૭ તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ છત્રસિંહ બ.નં.૨૫૭૩ તથા અ.હેડ. કોન્સ. ભુપતભાઇ ધુધાભાઇ બ.નં.૫૨૩ તથા અ.હેડ.કોન્સ. જીગ્નેશકુમાર મણીલાલ બ.નં.૩૧૬ તથા અ.પો.કોન્સ શૈલેષકુમાર સેમાભાઇ બ.નં.૧૫૯ તથા અ.પો.કોન્સ. અનિરૂધ્ધસિંહ મેરૂભા બ.નં.૩૩૮ તથા અ.પો.કોન્સ બળદેવભાઇ ભરતભાઇ બ.નં.૧૩૭ તથા અ.પો.કોન્સ. હરેશભાઇ ટીડાભાઇ બ.નં.૧૨૬૭ નાઓએ અ.હેડ. કોન્સ. રમેશભાઇ ઉકાભાઇ તથા અ અ.પો.કોન્સ. અનિલભાઇ સેંધાભાઇ નાઓને કરેલ છે.

## ખુનના ગંભીર ગુનાના નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડતી લીમ્બાયત પોલીસ, સુરત શહેર.

લીમ્બાયત પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુ.ર.નં-૧૪૩/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૦૨, ૩૦૭, ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯, ૫૦૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબના કામના ફરીયાદીશ્રી અમીન ઉર્ફે અન્નુ S/O અબ્દુલ ગફાર જાતે પટેલ ઉવ.૨૫ ધંધો. મજુરી રહે. ઘર નં.૨૫, શાહપુરા ગલ્લી-૧ મદીના મસ્જીદ રોડ લીંબાયત, સુરતનાઓના માસીના છોકરા ગુફરાન નાઓને ગઇ તા.૧૫/૫/૨૦૧૮ના રોજ રાત્રીના લીમ્બાયત શાહપુરા ગલી નં.૧, શના કીરાણાના સ્ટોર પાસે જાહેરમાં આરોપીઓએ એકજુથ થઈ પ્રાણઘાતક તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી જાનથી મારી નાંખવાના ઇરાદે ગંભીર જીવલેણ ઇજા પહોચાડેલ અને ઇજા પામનાર સારવાર દરમ્યાન મરણ ગયેલ જે સંબંધે લીમ્બાયત પોલીસ સ્ટેશનમાં ઉપરોકત નંબર અને કલમથી ગુનો નોધાયેલ.

નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ ખાસ ડ્રાઇવનું આયોજન નાયબ પોલીસ કમિશ્નરશ્રી આર.પી.બારોટ સાહેબ ઝોન-૦૧ નાઓ તરફથી રાખેલ હોય જે ડ્રાઈવમાં અ.હેડ.કોન્સ. જીગ્નેશકુમાર મણીલાલ તથા અ.પો.કોન્સ શૈલેષકુમાર સોમાભાઇનાઓને મળેલ બાતમી આધારે સદર ગુનામાં સંડોવાયેલ આરોપીઓ (૧) હશન યુસુફ મન્સુરી ઉ.વ.૨૩ ધંધો.મજુરીકામ રહે.પ્લોટ નંબર-બી/૭૩, ગલી નંબર-૦૨, પદમાવતી સોસાયટી, લીમ્બાયત, સુરત શહેર (૨) સાકિરખાન અસરફખાન પઠાણ ઉ.વ.૨૨ રહે.અકબર શહીદ ટેકરો તકવા પાન સેન્ટરની આગળ રૂસ્તમપુરા પોલીસ ચોકી બાજુમાં સલાબતપુરા, સુરત શહેર નાઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સદર હું કામગીરી પોલીસ ઇન્સ્પેકટર સી.આર જાદવ નાઓના ટેકનીકલ વર્ક આઉટ તથા માર્ગદર્શનથી એ.એસ.આઇ પ્રતાપભાઇ વામનરાવ બ.નં.૨૫૮૭ તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ છત્રસિંહ બ.નં.૨૫૭૩ તથા અ.હેડ.કોન્સ.રમેશભાઇ ઉકાભાઇ બ.નં.૧૪૩ તથા અ.હેડ.કોન્સ.ભુપતભાઇ ધુધાભાઇ બ.નં.૫૨૩ તથા અ.પો.કોન્સ. અનિરૂધ્ધસિંહ મેરૂભા બ.નં.૩૩૮ તથા અ.પો.કોન્સ બળદેવભાઇ ભરતભાઇ બ.નં. ૧૩૭ તથા અ.પો.કોન્સ. અનિલભાઇ સેંધાભાઇ બ.નં.૧૨૪૩ તથા અ.પો.કોન્સ. હરેશભાઇ ટીડાભાઇ બ.નં.૧૨૬૭ નાઓએ અ.હેડ.કોન્સ. જીગ્નેશકુમાર મણીલાલ તથા અ.પો.કોન્સ શૈલેષકુમાર સોમાભાઇ નાઓને મળેલ બાતમીના આધારે ટીમવર્કથી કામગીરી કરેલ છે

# <u>રાંદેર વિસ્તારમાં લાખોની મત્તાની ઘરફોડ ચોરી કરનાર નેપાલી ગેંગનો પર્દાફાશ કરી બે સાગરીતોને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી સુરત શહેર, ક્રાઈમ બ્રાંચ.</u>

તા.૨૫/૦૫/૧૮ ના રોજ રાંદેર નવયુગ કોલેજ પાસે આવેલ જીવન વિહાર સોસાયટીમાં રહેતા ફરીયાદીશ્રી મનોજભાઈ મોહનભાઈ શર્માના ત્યાં રૂપિયા ૪૦,૭૩,૦૦૦/- ની મત્તાની ઘરફોડ ચોરીનો બનાવ બનવા પામેલ જે બાબત અંગે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ તથા ક્રાઈમ બ્રાંચની ટીમ દ્વારા આરોપીઓને ઝડપી પાડવા અંગેના વર્ક આઉટ દરમ્યાન HC સત્યપાલસિંહ મહોબતસિંહ તથા HC દિગ્વિજયસિંહ ભીમમજીભાઈ નાઓને મળેલ બાતમી આધારે અડાજણ ગ્રીન રેસીડેન્સીના ગેટ પાસેથી આ ગુનામાં સંડોવાયેલ આરોપી(૧) હિમ્મત વિરભાન સાઉદ ઉવ-૨૯ રહે-ગ્રીન રેસીડન્સી ટેરેસ ઉપર આવેલ વોચમેનની રૂમમાં ગંગેશ્વર મંદિરની સામે અડાજણ, સુરત શહેર મુળવતનઃ- ચૌમાલા, કટાનપુર વોર્ડ નં-૨ જી.-કૈલાલી નેપાલ તથા(૨) લાલ બહાદુર ઉર્ફે કોમલ સાહિલસીંગ સાઉદ ઉવ-૧૯ રહે-ઘર નં. C-7-AB, સરૂવન સોસાયટી, અમીધારા વાડીની બાજુમાં, ન્યુ રાંદેર રોડ, અડાજણ, સુરત શહેર મુળવતનઃ-સોગટગામ વોર્ડ નં-૪ જી.અછામ નેપાલ નાઓને ચાંદીના ગ્લાસ નંગ-૨ કિ.રૂ ૨૪૦૦/- તથા ઘડીયાળ નંગ-૧ કિ.રૂ ૨,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨ કિ.રૂ ૧૯,૦૦૦/- તથા ગુનામાં ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ કિ.રૂ ૧૫,૦૦૦/- કુલે કિ.રૂ ૨,૩૬,૬૦૦/- ની મત્તાની મુદ્દામાલની ઝડપી પાડી બન્ને ઈસમોને તેમની પાસેથી મળી આવેલ મુદ્દામાલ અન્વયે પુછ પરછ દરમ્યાન તેમણે ખુલાશો કરેલ કે ઉપરોકત બન્ને આરોપીઓ સુરત શહેર વિસ્તારમાં વર્ષોથી પરીવાર સાથે વસવાટ કરે છે. તેમજ અત્રે સુરત શહેરમાં હિમ્મત પોતે વોચમેનની તેમજ લાલ બહાદુર ઉર્ફે કોમલ ચાઈનીઝની વાનગીઓ બનાવનાર મુખ્ય રસોઈયા તરીકે નોકરી કરે છે. જે ઉપરોક્ત બન્ને આરોપી પૈકી લાલ બહાદુર  ઉર્ફે કોમલ છેલ્લા એક મહિનાથી ફરીયાદીશ્રી મનોજભાઈ મોહનલાલ શર્માના બંગલા નં-૨૧, જીવનવિહાર સોસાયટી નવયુગ કોલેજની સામે રાણી લક્ષ્મીબાઈ માર્ગ રાંદેર, સુરત શહેરનાઓના ત્યાં ફોર વ્હીલ ગાડી સાફ સફાઈ કરવાની નોકરી કરતો હતો ફરીયાદીશ્રી વિદેશ ફરવા માટે ગયેલ હતા જેનો લાભ ઉઠાવીને લાલ બહાદુર ઉર્ફે કોમલ સાઉદ અને હિમ્મત સાઉદ નાઓએ તેમના નેપાલ રહેતા અન્ય સાગરીતોને દિપક સાઉદ અને હરીશ લામાનો સંપર્ક સાધીને અત્રે સુરત શહેરમાં બોલાવેલ અને ફરી.શ્રીનો બંગલો બતાવી ઘરે કોઈ હાજર નથી વિગેરે વિગતો આપી તેઓના રહેવાની વ્યવસ્થા કરી આપેલ.

આરોપીએ બંગલામાંથી સોના ચાંદીના દાગીના રોકડા રકમ લેપટોપ, કાંડા ઘડીયાળ મોબાઈલ ફોન મળી કુલ્લે કિ.રૂ ૪૦,૭૩,૦૦૦/- તથા યુરોપ દેશની કરન્સી ૧૨૦૦૦/-યુરોપી ચોરી કરી લઈ ગયેલ જે ચોરીમાં મળેલ મુદ્દામાલ પૈકી રોકડા રૂપિયા ૧૫૦૦૦/-એક મોંઘી કાંડા ઘડીયાળ અને ચાંદીના ગ્લાસ  નંગ-૨ હિમ્મત સાઉદ અને લાલ બહાદુર ઉર્ફે કોમલ સાઉદને ખર્ચા પાણીના આપી બાકીનો તમામ મુદ્દામાલ આરોપી દિપક સાઉદ અને લામા નેપાલ ખાતે લઈ નાસી ગયેલા હોવાથી હકિકત જણાયેલ છે. મજકુર આરોપીઓને આગળની વધુ તપાસ સારૂ રાંદેર પો.સ્ટે. સોંપવા તજવીજ હાથ ધરેલ છે.